આંદોલનના પગલે આજે એસ.ટી. બસો ચ-માર્ગ પર દોડાવાશે

ગાંધીનગર સમાચાર

# શહેર પોલીસ છાવણીમાં ફેરવાયુ

**આજે અલ્પેશ ઠાકોરની મહાસભા સાથે ઉપવાસ આંદોલન : સરકાર માંગણીઓ સ્વિકાર્યાનો લેખિત પત્ર નહી આપે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવા અલ્પેશની હઠ : દર કલાકે સરકારનો મૃત્યુઘંટ વગાડવામાં આવશે : ઘર્ષણ થાય તેવી શક્યતા**





ગાંધીનગર, તા. ૫

એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. એકતા મંચના અલ્પેશ ઠાકોર દ્વારા દારૂબંધી અને રોજગારીના બે મુખ્ય સળગતા પ્રશ્નોને લઈને આંદોલન છેડી લીધુ છે. રવિવારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે તે લાખોની સંખ્યામાં કાર્યકરોને સાથે રાખીને ઉપવાસ આંદોલન શરૂ કરી મહાસભા યોજવાનો છે. આ કાર્યક્રમ બાદ સાંજે ઘર્ષણ થવાની શક્યતાને પગલે ચાર જિલ્લાની પોલીસ પાટનગરમાં ખડકી દેવાતા શહેર પોલીસ છાવણીમાં ફેરવી ગયું છે.

અલ્પેશ ઠાકોરે દારૂબંધી કડક કરાવવા જે વિસ્તારમાંથી દારૂ પકડાય ત્યાંના ધારાસભ્ય અને ડીએસપી સામે કડક પગલા લેવા સહિતના મુદ્દાઓ તૈયાર કરી દારૂબંધીનો કાયદો કડક બનાવવાની માંગ કરી છે તે ઉપરાંત રોજગારી માટે વાયબ્રન્ટમાં આવનાર કંપનીઓ પાસેથી ૭૫ ટકા ગુજરાતી યુવાનોને રોજગારી આપવા લેખીત બાંહેધરી લેવા માંગ કરી છે. આવી વિવિધ માંગણીઓ સરકાર સમક્ષ રજુ કરી તેને સ્વિકારવા માંગ કરી છે. જે સંદર્ભે આવતીકાલે રવિવારે પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે કલ્ચરલ ગરબા ગ્રાઉન્ડમાં અલ્પેશ ઠાકોર મહાસભા સાથે ઉપવાસ આંદોલન શરૂ કરવાનો છે. આ કાર્યક્રમમાં લાખોની સંખ્યા ભેગી થયાની શક્યતા છે. માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવાની અલ્પેશ ઠાકોરે જીદ પકડી છે. અને સરકાર લેખિતમાં માંગણી સ્વિકાર્યાની જાણ કરશે ત્યારબાદ આંદોલનનો અંત લાવશે તેવી જાહેરાત કરી છે. તો બીજી તરફ ઉપવાસ આંદોલનની મંજુરી સાંજે ૬ વાગ્યા સુધી જ આપવામાં આવી છે જેને પગલે ૬ વાગ્યા બાદ જો ધરપકડ કરવામાં આવે તો ઘર્ષણ થાય તેવી પુરી શક્યતાઓ છે. ચાર જિલ્લાની પોલીસને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પાટનગરમાં તૈનાત કરી દેવામાં આવતા શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. માંગણીઓ નહીં સંતોષાય તો અલ્પેશ ઠાકોર રેલી સ્વરૂપે વિધાનસભાના ઘેરાવ કરશે તેવી પણ જાહેરાત કરી છે. જેને પગલે મામલો ગરમાયો છે. આજે સભા સ્થળે મંચ અને બેઠક માટે ખરશીઓ ખડકી દઈ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

## આંદોલનના પગલે આજે એસ.ટી. બસો ચ-માર્ગ પર દોડાવાશે

**ઘ માર્ગ પર બસ વ્યવ્હાર સદંતર બંધ રહેશે : સલામતીના ભાગરૂપે એસ ટી બસોનો રૂટ એક દિવસ માટે બદલાશે**

ગાંધીનગર તા ૫

ગુજરાતમાં દારુબંધી અને યુવાનોને રોજગારી અપાવવાના મુદ્દે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આજે ઘ-૩ સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરવામાં આવશે. સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનો તેમજ આગેવાનો એકત્રિત થવાના હોવાથી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ યોગ્ય સલામતીના પગલા લેવાયા છે. બીજીતરફ એસ ટી તંત્રની બસોના રૂટમાં પણ ફેરફાર કરી દેવાયો છે. એસ ટી ડેપો દ્વારા જાહેરનામા મુજબ રવિવારના રોજ ઘ માર્ગ પર બસો નહીં દોડાવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જયારે દિવસ દરમિયાન ચ માર્ગ પરથી બસ સેવાનુ સંચાલન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગુજરાતમાં દારૂના અડ્ડા બંધ થાય તેમજ દારૂબંધીનો કડક પણે અમલ થાય તેવી બુલંદ માંગ સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આજે પાટનગરમાં ઉપવાસ આંદોલનનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ આંદોલનમાં લાખો ક્ષત્રિય ઠાકોર જોડાય તેવી સંભાવના છે. એસ સી એસ ટી , ઓ બીસી એકતા મંચ કન્વિનર અલ્પેશ ઠાકોર દ્વારા આંદોલનનુ એલાન કરાયા બાદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ જળવાયેલી રહે તે માટે પાટનગરમાં ચાર જિલ્લાની પોલીસ ખડકી દેવામાં આવી છે. ખાખી અને ખાદી ભેગા મળીને દારૂના અડ્ડાઓ ચલાવતા હોવાનો આક્રોશ બયાન કરતા ઓબીસી એકતા મંચ દ્વારા જયાં સુધી માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવાની તૈયારી દર્શાવામાં આવી છે. જયારે આંદોલનને અનુલક્ષી પોલીસ તંત્ર દ્વારા પણ પુરતો સલામતી બન્દોબસ્ત ગોઠવી દેવાયો છે. ત્યારે શહેરમાં એસ ટીના વાહનવ્યવ્હારમાં પણ રવિવારે બદલાવ જોવા મળશે. એસ ટી તંત્ર દ્વારા ક્ષત્રિય ઠાકોર સમાજના આંદોલનને ધ્યાને લઈ નગરના ઘ માર્ગ પરથી બસો નહી દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસ ટી ડેપો દ્વારા શહેરના ઘ માર્ગના બદલે તમામ બસો ચ માર્ગ પર થઈને દોડાવા માટે પણ નિર્ણય કરાયો છે. ઘ માર્ગ પર સ્થિત સત્યાગ્રહ છાવણીને અનુલક્ષી એસ ટી સેવા પર વિપરિત અસર ન થાય તે માટે આમ નાગરિકોની સાનુકુળતાને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયો છે.

## મહાનગરપાલિકામાં આજીવિકા કેન્દ્ર કેન્દ્રીય મંત્રી નાયડુના હસ્તે ખુલ્લુ મુકાશે

**લાઈવલી હુડ મિશન અંતર્ગત આ કેન્દ્ર શરૂ થઈ રહ્યુ છે**

ગાંધીનગર, તા. ૫

૮મી નવેમ્બરે કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી નાયડુ તેમના ગાંધીનગરના પ્રવાસ દરમ્યાન રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળના ગાંધીનગર મહાનગરપાલિકાના કેન્દ્રનું લોકાર્પણ કરશે.

લાઈવલી હુડ મિશન અંતર્ગત આ આજીવિકા કેન્દ્રનું સંચાલન કરવામાં આવનાર છે. તેઓના આ સૂચિત કાર્યક્રમ અંગેની તૈયારીઓ તંત્રએ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ આજીવિકા કેન્દ્રનું ઉદ્‌ઘાટન ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે શરૂ કરવામાં આવશે. જે આજીવિકા કેન્દ્રમાં પબ્લિક સર્વિસ સંબંધિત જેવી કે પ્લમ્બીંગ, ઈલેકટ્રીશીયન, ઓટો મોબાઈલ્સ, ખાદ્ય વસ્તુની બનાવટ, ટેલરીંગ કામ, ટાઈપીંગ ઓપરેટર, બ્યુટી-સ્પા, ઘરકામ, કલચરલ સુવિધા જેવા સંબંધિત વિવિધ પાસાઓને સાંકળી આ આજિવિકા કેન્દ્રનું સંચાલન થશે. જે અનુલક્ષી ગાંધીનગર શહેરમાં વિવિધ-નાના વ્યવસાયો સાથે જોડાયેલા લોકોને આજીવિકા મળી રહે તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## આંદોલનના લીધે તીબેટીયન અને મુંબઈ બજારને ૧૦ લાખનો ફટકો






ગાંધીનગર તા ૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આજે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન કરવામાં આવશે. લાખો કાર્યકરો આંદોલનમાં જોડાય તેવી સંભાવના છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા સલામતીને અનુલક્ષીને પણ જરૂરી પગલા લેવામાં આવી રહયા છે આંદોલનના સ્થળ નજીક સ્થિત મુંબઈ બજાર તેમજ તિબેટીયન માર્કેટના તંબુઓ પણ દુર કરી દેવાયા છે. જેના લીધે તિબેટીયન રેફયુજી સ્વેટર સેલર એસોસિએશને આજે આ જગ્યા એક દિવસ માટે ખાલી કરી દીધી હતી. જેના લીધે આ વેપારીઓએ એક જ દિવસમાં ૧૦ લાખનો આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો હતો. ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સહીયર ગરબા ગ્રાઉન્ડ નજીક સ્થિત સત્યાગ્રહ છાવણીમાં વ્યસન મુક્તિના અભિગમ સાથે સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ સભામાં લાખો કાર્યકરો જોડાશે તેવી જાહેરાત પણ ઓ બી સી એકતા મંચ સમિતિ દ્વારા કરવામાં આવી છે. આવા સંજોગોમાં આ સ્થળે કાયદો અને સલામતી

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

ચિ. ચિન્ટુભાઈ (કુપેનભાઈ) કુંદનલાલ પટેલનું દુઃખદ અવસાન તા. ૩/૧૧/૨૦૧૬ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૭/૧૧/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :**
**પ્લોટ નં. ૩૦૬/એ-૨**
**મંગલમૂર્તિ પાર્ક**
**છેલ્લા શોપીંગ સામે,**
**સેક્ટર-૮, ગાંધીનગર**

**લી.**
**કુંદનલાલ ડી. પટેલ (પિતા)**
**વિરલબેન વી. બોચિયા (બહેન)**
**વિષ્ણુકુમાર સી. બોચિયા (જીજાજી)**
**વૈભવ વી. બોચિયા (ભાણો)**

**ફર્મ : જયઅંબે કેટરર્સ, સેક્ટર-૮, ગાંધીનગર**
**મો. : ૯૮૨૫૭ ૧૯૯૮૬, ૯૮૯૯૮ ૧૩૭૭૬**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગર સમાચાર
ગેરેન્ટેડ ગિફ્ટ
યોજનાનું નવું ફોર્મ
આગામી તારીખ ૧૦મીએ પ્રસિદ્ધ થશે
વિગતો માટે જોતા રહો ગાંધીનગર સમાચાર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-3, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેકટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
DECOR HOMES DC COPPER Kurl-on PU FOAM SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

નૂતન વર્ષાભિનંદન....
ગાંધીનગરના સર્વે નગરજનોને વોર્ડ નં.૮ના નગરસેવિકા પાયલબેન વિનોદભાઈ મેણાત તરફથી નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

પાયલબેન વી. મેણાત
કોર્પોરેટર, વોર્ડ નં.૮, ગાંધીનગર મહાનગરપાલિકા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com